પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ  વર્ષ : ૨૮  અંક : ૧૪૧  કુલ પાના : ૪  તારીખ : ૦૬-૦૨-૨૦૨૫ ગુરુવાર  કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# દિલ્હી ચુંટણી માટેના મતદાનના વિવિધ રંગો; યુવાનોમાં ઘણો ઉત્સાહ, વૃદ્ધો અને અપંગોનો ઉત્સાહ પણ ઓછો રહ્યાં નથી.

## દિલ્હીમાં મતદાન દરમિયાન સીલમપુરમાં ભારે હોબાળો,આપ અને ભાજપઁ કાર્યકરો વચ્ચે ઘર્ષણ



નવીદિલ્હી

દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે આજે સવારે સાત વાગ્યાથી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન શરૂ થયું હતું જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલ્યું હતું. ૬ વાગ્યા સુધી જે મતદારો મતદાન મથકોની અંદર લાઇનમાં ઉભા હતાં તેમને મતદાન કરવાની મંજુરી આપવામાં આવી હતી.મતદાન શરૂ થતાં જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. યુવાનોથી લઈને વૃદ્ધો અને દિવ્યાંગો સુધી, મતદાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યા હતાં મતદારોએ ૬૯૯ ઉમેદવારોનું ભાવિ મતદારો દ્વારા ઈવીએમમાં કેદ કરવામાં આવ્યું હતુ મતદાન માટે ૧૩,૭૬૬ મતદાન મથકો પર સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થયું હતું.સાંજના પાંચ વાગ્યા સુધી ૫૮ ટકા મતદાન થયું હતું.મુસ્તફાબાદ બેઠક પર સૌથી વધુ ૬૬.૬૫ ટકા મતદાન થયું હતું. મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારોની ૧૧ બેઠકો પર ભારે મતદાન થયું હતુ

મતદાન દરમિયાન દિલ્હીના સીલમપુરમાં નકલી મતદાનના આરોપોને લઈને ભારે હોબાળો મચી ગયો હતો.આપ અને ભાજપ કાર્યકરો વચ્ચે ઝઘડો થયો અને એકબીજા વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. સ્થળ પર હાજર પોલીસે બંને પક્ષના કાર્યકરોને ત્યાંથી દૂર કર્યા. ભાજપના નેતાઓના મતે, આવા ઘણા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જેમાં બુરખો પહેરેલી મહિલાઓએ મતદાન મથકો પર નકલી મતદાન કર્યું હોવાના આક્ષેપો થયા છે. ભાજપના કાર્યકરોએ દાવો કર્યો હતો કે ચૂંટણી પ્રક્રિયામાં ગોટાળા થઈ રહ્યા છે.ભાજપે ચૂંટણી પંચ પાસે નકલી મતદાન રોકવાની માંગ કરી હતી.અધિકારીઓએ હજુ સુધી આરોપોનો જવાબ આપ્યો નથી ગ્રેટર કૈલાશ વિધાનસભા બેઠકના આપ ઉમેદવાર, સૌરભ ભારદ્વાજે આરોપ લગાવ્યો કે દિલ્હી પોલીસ ચિરાગ દિલ્હીના એક મતદાન મથક પર લોકોને મતદાન કરતા અટકાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે ચૂંટણીને પ્રભાવિત કરવા માટે પોલીસકર્મીઓ સવારથી અહીં ઉભા છે. અહીં બેરિકેડ શા માટે લગાવવામાં આવ્યા છે? દિલ્હી પોલીસના કયા વરિષ્ઠ અધિકારીએ તેમને બેરિકેડ લગાવવાનું કહ્યું છે? આ બધું ગરીબ ગ્રામજનોને હેરાન કરવા માટે કરવામાં આવી રહ્યું છે. સૌરભ ભારદ્વાજે કહ્યું કે જ્યાં પણ આમ આદમી પાર્ટીના મતદારો વધુ છે, ત્યાં માલવિયા નગરના એસીપી અને એસએચઓ ખુલ્લેઆમ લોકોને હેરાન કરી રહ્યા હતાં.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વિદેશ મંત્રી એસ. જયશંકર, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને મુખ્યમંત્રી આતિશી બુધવારે સવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રારંભિક મતદારોમાં હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડો. રાજેન્દ્ર પ્રસાદ કેન્દ્રીય વિદ્યાલય, રાષ્ટ્રપતિ એસ્ટેટ ખાતે પોતાનો મત આપ્યો. કાલકાજી વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર અલકા લાંબાએ પણ મતદાન કર્યું હતું. કેન્દ્રીય પ્રધાન હરદીપ સિંહ પુરી અને તેમની પત્ની લક્ષ્મી પુરી બુધવારે ગ્રીન પાર્ક, નવી દિલ્હીમાં દિલ્હી વિધાનસભા ચૂંટણી મતદાન મથક પર મતદાન કર્યા પછી તેમની શાહીવાળી આંગળીઓ બતાવી હતી.દિલ્હીના મુખ્યમંત્રી અને આપ નેતા આતિશીએ નવી દિલ્હીમાં પોતાનો મત આપ્યો. નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માએ તેમના પરિવાર સાથે નિર્માણ ભવન સ્થિત મતદાન કેન્દ્ર પર દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન કર્યું.

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન કર્યું હતું. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બુધવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં વહેલી સવારે પોતાનો મત આપ્યો. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ પત્ની સાથે પોતાનો મત આપ્યો.દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા અને તેમની પત્નીએ પટપરગંજ વિધાનસભા મતવિસ્તાર હેઠળના મયુર વિહાર ફેઝ ૧ માં સ્થિત મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપ્યો.

નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રના કોંગ્રેસના ઉમેદવાર સંદીપ દીક્ષિતે પણ વહેલી સવારે મતદાન કર્યું હતું. દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાએ તેમની પત્ની સાથે મતદાન કર્યું. આ દરમિયાન તેણે પોતાની આંગળી પર શાહીનું નિશાન પણ બતાવ્યું.દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પણ પોતાના સમગ્ર પરિવાર સાથે મતદાન કરવા માટે મતદાન મથકે પહોંચ્યા હતાં કેજરીવાલ પોતાના માતા-પિતાને વ્હીલચેરમાં બેસાડીને ઘરેથી નીકળ્યા હતાં. મતદાન કર્યા પછી કેજરીવાલે મીડિયાકર્મીઓ સાથે વાત કરી અને દિલ્હીના લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી.

અરવિંદ કેજરીવાલે કહ્યું, "...હું દિલ્હીના તમામ લોકોને મતદાન કરવા અને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરવા માંગુ છું. હું દરેકને દિલ્હીના વિકાસ માટે મતદાન કરવા વિનંતી કરું છું. સ્વાભાઆ દરમિયાન, અરવિંદ કેજરીવાલના પત્ની સુનિતા કેજરીવાલે કહ્યું, "દિલ્હીના લોકો ખૂબ જ બુદ્ધિશાળી છે. અમને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ છે. તેઓ ગુંડાગીરી સહન કરશે નહીં. અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે દિલ્હીના લોકો યોગ્ય પસંદગી કરશે.'' આપને જણાવી દઈએ કે આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

## મહેસાણામાં વિદેશ ગયેલી શિક્ષિકાને ડીઈઓએ બરતરફ કરી દીધા

મહેસાણા

મહેસાણામાં વિદેશ ગયેલી શિક્ષિકાને બરતરફ કરી દેવા છે. વિદેશ ગયેલી શિક્ષિકાએ નોટિસનો જવાબ પણ આપ્યો નથી. મહેસાણાના જોરનંગ પ્રાથમિક શાળાની શિક્ષિકાને બરતરફ કરવામાં આવ્યા છે. સ્વૈચ્છિક નિવૃત્તિના સમયગાળામાં બાંયધરી આપી હતી. તેમણે કોઈ અગમ્ય કારણોસર ગેરહાજર નહીં રહેવા બાંયધરી આપી હતી.

તેમણે પોતે બાંયધરી આપી હોવા છતાં પણ કીપણ જાતની મંજૂરી વગર વિદેશ ગયા હતા. શિક્ષિકા મીનાબેન પટેલ કોઈપણ પ્રકારની મંજૂરી વગર વિદેશ ગયા હતા. તેઓ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી ગેરહાજર હતા. તેમણે ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ માંગી હતી. તેઓ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩થી જાણ કર્યા વગર વિદેશ જતાં રહ્યા હતા.

તેમને ૦૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અંતિમ નોટિસ આપવામાં આવી હતી. તેમણે ખુલાસો મોકલવા માટે ઈમેઈલ મારફતે ત્રણ માસનો સમય માંગ્યો હતો. તે હાજર થવાની તારીખ હાજર ન થતાં તેમને બરતરફ કરવામાં આવ્યા છે. ડીઈઓએ શિક્ષિકાને સેવામાંથી બરતરફ કર્યા છે. ગયા વર્ષે આવા જ એક શિક્ષિકા ચાલુ નોકરીએ વિભાગને કશું જ કહ્યા વગર રજા પર હોવાની વાત બહાર આવી હતી.

રણછોડપુરા પ્રાથમિક શાળાની શિક્ષિકા વિદેશમાં હોવાનું જાણવા મળ્યું હતું. બકીનાબેન પટેલ છેલ્લા દસ માસથી વિદેશમાં હતા. તેઓ મેડિકલ રજાના બ્હાને વિદેશમાં ગયા હતા.

તેઓ એનઓસી મેળવ્યા વગર વિદેશમાં ગયા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે તેઓએ એનઓસી મેળવ્યું ન હોવા છતાં શિક્ષણ વિભાગે તેમને એકપણ નોટિસ આપી નથી. તેઓ વિદેશમાં ગયા છે તેવા સંજોગોમાં મેડિકલ ઈ-મેઈલથી મંજૂર કરવામાં આવ્યું છે. આ રીતે મેડિકલ કઈ રીતે ઈ-મેઈલથી મંજૂર કરવામાં આવ્યું છે.

હવે તેઓ આ રીતે વિદેશ ગયા છે તે તેમની સામે શિક્ષણ વિભાગે હજી સુધી કોઈ કાર્યવાહી કેમ કરી નથી. આ શિક્ષિકા છેલ્લા દસ મહિનાથી વિના મંજૂરીએ વિદેશમાં છે. તેઓ અગાઉ ત્રણ માસ માટે વિદેશમાં ગયા હતા. વિદેશમાંથી પાછા આવીને મેડિકલના બ્હાને રજા પર છે. હવે શિક્ષિકાને વિદેશથી ઈ-મેઈલ મારફતે રિપોર્ટ શિક્ષણ વિભાગે કઈ રીતે મંજૂર કર્યા તે સવાલ છે. હવે સરકારી નિયમોનો સરેઆમ કરતા આ શિક્ષિકાને તાત્કાલિક ધોરણે બરતરફ કરવામાં આવે તે જરૂરી છે.

## અમદાવાદમાં ટ્રાફિક પોલીસે ૨ દિવસમાં ૬૬૦૦થી વધુ ચલણ જારી, ૪૮ લાખનો દંડ વસૂલ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના રસ્તાઓ પર ઘણા બાઈક સવારો હેલ્મેટ પહેર્યા વગર જોવા મળે છે. જેના કારણે અકસ્માતના કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. ગયા વર્ષે ગુજરાત હાઈકોર્ટે પણ આ અંગે કડકાઈ દાખવી હતી અને હેલ્મેટના નિયમો લાગુ કરવા બદલ અમદાવાદ પોલીસને ફટકાર લગાવી હતી. આ પછી, અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિક કર્મચારીઓ અને બાઈક સવાર જાહેર જનતા માટે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું હતું, પરંતુ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન હજુ પણ ચાલુ છે અને છેલ્લા બે દિવસમાં સૌથી વધુ કેસ નોંધાયા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાયઓવરના બાંધકામ અને ડિમોલિશનની કામગીરીને વેગ આપવાને કારણે, મુસાફરોને ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. તાજેતરમાં, ત્રણ દિવસ સુધી ચલાવવામાં આવેલા સઘન તપાસ અભિયાન દરમિયાન, પોલીસને ખબર પડી કે સ્થાનિક લોકો નિયમો તોડવાની તેમની આદત છોડતા નથી. આ દરમિયાન વાહનોમાં કાં તો નંબર પ્લેટ ન હતી અથવા તો ફેન્સી નંબર પ્લેટ પહેરેલી હતી.

હેલ્મેટ ફરજિયાત કર્યા પછી પણ આ નિયમનો સૌથી વધુ ભંગ થતો ટ્રાફિક નિયમ છે. આ કેસમાં માત્ર બે દિવસમાં ૨,૮૪૮ ચલણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નંબર પ્લેટના નિયમોના ઉલ્લંઘનમાં પણ વધારો જોવા મળ્યો હતો. આ જ સમયગાળા દરમિયાન ફેન્સી અથવા ખૂટતી નંબર પ્લેટ માટે ૯૪૯ ચલણ જારી કરવામાં આવ્યા હતા. જો કે, આ નિયમના ઉલ્લંઘન માટે અંદાજે ૪૨,૩૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

જો કે, ટ્રાફિક સિગ્નલના પાલનને પ્રોત્સાહન આપવા માટે તાજેતરની ઝુંબેશ અસરકારક સાબિત થઈ રહી છે. બે દિવસમાં માત્ર ૨૫૫ ડ્રાઈવરો જ લાલ બત્તી જમ્પ કરતા ઝડપાયા છે. આ કેસમાં કુલ રૂ. ૧.૨૪ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

જોઈન્ટ પોલીસ કમિશનર (ટ્રાફિક) એન.એન. ચૌધરીએ જણાવ્યું હતું કે ટ્રાફિકના ઉલ્લંઘનમાં વધારો થવાનું કારણ અહીં ચાલી રહેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ છે, કારણ કે અમદાવાદ શહેર ૨૦૩૬ ઓલિમ્પિકનું આયોજન કરે તેવી અપેક્ષા છે. "બાંધકામ પ્રવૃત્તિઓને લીધે, ઘણા ટ્રાફિક જંકશન કાં તો બંધ છે અથવા મેન્યુઅલી ચલાવવામાં આવે છે,'' તેમણે કહ્યું. અમે ગેરકાયદે પાર્કિંગ પર પણ કાર્યવાહી કરી રહ્યા છીએ. "અમે ૨,૬૨૪ વાહનોને ઝડપી લીધા છે અને ૧૭.૩૪ લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો છે.''

## અમેરિકા નાશ પામેલી અથવા જર્જરિત ઈમારતોનું પુનર્નિર્માણ કરશે,ટ્રમ્પ



વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું નિવેદન આપતા કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે અમેરિકા ગાઝાની માલિકી લે અને ગાઝાનું પુનર્નિર્માણ કરે. ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું કે અમે ગાઝાની માલિકી લેવા માંગીએ છીએ, ત્યારબાદ ગાઝામાં હાજર ખતરનાક બોમ્બ અને અન્ય શસ્ત્રોનો નાશ કરવાની જવાબદારી અમારી રહેશે. અમેરિકા નાશ પામેલા અથવા જર્જરિત ઈમારતોનું પુનર્નિર્માણ કરશે અને ગાઝામાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે. આનાથી ગાઝામાં લોકોને રોજગાર અને ઘર મળશે.

અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે જો ગાઝાના પુનર્નિર્માણમાં અમેરિકન સેનાની જરૂર પડે તો તેઓ ગાઝામાં સેના તૈનાત કરવાનું વિચારી શકે છે. ટ્રમ્પે કહ્યું કે જો તે જરૂરી બનશે તો અમે તે કરીશું. દરમિયાન, ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ પણ ટ્રમ્પની યોજનાને ટેકો આપ્યો અને તેના પર ખુશી વ્યક્ત કરી. નેતન્યાહૂએ કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ગાઝા ભવિષ્યમાં ક્યારેય ઈઝરાયલ માટે ખતરો ન બને, પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યા છે. ટ્રમ્પનો વિચાર અલગ છે અને તે ગાઝાનું ભવિષ્ય બદલી નાખશે. આ વિચાર પર ધ્યાન આપવાની જરૂર છે. નેતન્યાહૂએ કહ્યું કે જો આવું થાય તો તે ઈતિહાસ બદલી શકે છે.

યુએસ રાષ્ટ્રપતિએ બીજું એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું જેમાં તેમણે સૂચન કર્યું કે ગાઝામાંથી વિસ્થાપિત પેલેસ્ટિનિયનોને યુદ્ધગ્રસ્ત ગાઝાની બહાર કાયમી ધોરણે સ્થાયી કરવા જોઈએ. ટ્રમ્પે કહ્યું, "મને નથી લાગતું કે લોકોએ ગાઝા પાછા જવું જોઈએ." તમે હવે ગાઝામાં રહી શકતા નથી. આપણે બીજી જગ્યા શોધવાની જરૂર છે અને તે એવી જગ્યા હોવી જોઈએ જ્યાં લોકો ખુશીથી રહી શકે. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે 'જો આપણે છેલ્લા દાયકા પર નજર કરીએ તો ગાઝામાં ફક્ત જીવ ગુમાવ્યા છે. આ વર્ષોથી થઈ રહ્યું છે. જો આપણે લોકોને સારી જગ્યાએ પુનઃસ્થાપિત કરી શકીએ અને તેમને સારા ઘરો આપી શકીએ, તો લોકો ખુશ થશે અને કોઈએ પોતાનો જીવ ગુમાવવો નહીં પડે.

## મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂનો કહેર,જિલ્લામાં ૧૦ કિમીનો એરિયાને 'એલર્ટ ઝોન' જાહેર કરાયો



મુંબઇ

મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં બર્ડ ફ્લૂનો રાફડો ફાટ્યો છે. રાજ્યમાં બર્ડ ફ્લૂની એન્ટ્રી બાદ વહીવટીતંત્ર સતર્ક થઈ ગયું છે. અહીં માંગલી ગામ અને તેની આસપાસના ૧૦ કિલોમીટરના એરિયાને 'એલર્ટ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે. સંક્રમણ ફેલાતું અટકાવવા માટે કલેક્ટર અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે આ સંદર્ભમાં આદેશ જારી કર્યો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ૨૫ જાન્યુઆરીના રોજ બ્રહ્મપુરી તાલુકાના માંગલી ગામમાં એક પોલ્ટ્રી ફાર્મમાં પક્ષીઓ મૃત્યુ પામ્યા હતા. આ બાબતની જાણ થતાં પશુપાલન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચીને સેમ્પલ લઈ તેને પૂણે અને ભોપાલ પરીક્ષણ માટે મોકલ્યા હતા. ત્યારબાદ જ્યારે લેબમાંથી રિપોર્ટ આવ્યો ત્યારે તેમાં બર્ડ ફ્લૂ (એવિયન ઈન્ફલ્યુએન્ઝા એચપએન૧) ની પુષ્ટિ થઈ.

હવે રિપોર્ટ મળ્યા બાદ વહીવટીતંત્ર સતર્ક થઈ ગયું. ચંદ્રપુરના કલેક્ટર અને ડીડીએમએના અધ્યક્ષે માંગલી ગામ અને તેની આસપાસના ૧૦ કિલોમીટરનો એરિયાને 'એલર્ટ ઝોન' જાહેર કરી દીધો છે. અધિકારીઓનું કહેવું છે કે ઝોનમાં સંક્રમણ અટકાવવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું કે, અહીં માંગલી, ગેવરલાચક અને જુનોનાટોલી ખાતે પોલ્ટ્રી બર્ડ રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા સંક્રમિત પક્ષીઓને મારી નાખવામાં આવશે. સંક્રમિત મરઘીઓને વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને નાશ કરવામાં આવશે. બાકી રહેલો પશુ આહાર અને ઈંડાને પણ નષ્ટ કરી દેવામાં આવશે.

આ ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારમાં વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. આ ઝોનમાં જીવિત અને મૃત મરઘા, ઈંડા, ચિકન, પક્ષીઓનો ખોરાક, સહાયક સામગ્રી અને સાધનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અસરગ્રસ્ત પોલ્ટ્રી ફાર્મના એન્ટ્રી ગેટ અને પરિસરને સોડિયમ હાઈપોક્લોરાઈટ અથવા પોટેશિયમ પરમેંગેનેટથી સાફ કરવાનું કહેવામાં આવ્યું છે. સંક્રમિત વિસ્તારના ૫ કિલોમીટરના એરિયામાં પોલ્ટ્રી અને ચિકનની દુકાનો બંધ રહેશે.

## આયુષ્માન ભારત યોજના હેઠળ ૮.૫ કરોડથી વધુ સારવાર પૂરી પાડવામાં આવી છે




નવીદિલ્હી

કેન્દ્ર સરકારે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સંબંધિત મહત્વપૂર્ણ માહિતી શેર કરી. સરકારે જણાવ્યું છે કે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં, આયુષ્માન ભારત યોજના હેઠળ ૮.૫ કરોડથી વધુ સારવાર પૂરી પાડવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી છે. આયુષ્માન ભારત યોજના હેઠળ, સરકારી હોસ્પિટલોમાં ૪.૨ કરોડ અને ખાનગી હોસ્પિટલોમાં ૪.૩ કરોડ સારવાર કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળ અને રાષ્ટ્રીય રાજધાની સિવાય દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ યોજનામાં જોડાયા છે. નડ્ડાએ જણાવ્યું હતું કે એબી પીએમજેએવાય ટ્રસ્ટ મોડ, વીમા મોડ અને હાઈબ્રિડ મોડ દ્વારા લાગુ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે હાલમાં આ યોજના ૨૫ રાજ્યોમાં ટ્રસ્ટ માધ્યમ દ્વારા, સાત રાજ્યોમાં વીમા માધ્યમ દ્વારા અને બે રાજ્યોમાં હાઈબ્રિડ માધ્યમ દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્દ્ર સરકારની એક મહત્વપૂર્ણ યોજના છે. આ યોજના હેઠળ, લોકોને પ્રતિ પરિવાર દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનું આરોગ્ય વીમો આપવામાં આવે છે. દેશમાં આ યોજનાના લગભગ ૫૫ કરોડ લાભાર્થીઓ છે. આ યોજના હેઠળ ૧૨.૩૭ કરોડ પરિવારોને લાભ મળી રહ્યો છે.

આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું છે કે તાજેતરમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ૭૦ વર્ષથી વધુ ઉંમરના છ કરોડ વરિષ્ઠ નાગરિકો સુધી લંબાવવામાં આવી છે. આ ૪.૫ કરોડ પરિવારોને લાગુ પડે છે. આયુષ્માન યોજના હેઠળ કવર આપતી વખતે, વૃદ્ધ લાભાર્થીની સામાજિક-આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવતી નથી. આ યોજના હેઠળ, વયોવૃદ્ધોને વય વંદના કાર્ડ આપવામાં આવે છે.

## જાહેર સ્થળોએ તમાકુ અને સોપારી થૂંકવા પર ભારે દંડ થશે, બંગાળ વિધાનસભામાં બિલ પસાર થશે

કોલકાતા

પશ્ચિમ બંગાળમાં જાહેર સ્થળોએ તમાકુ કે પાન મસાલા થૂંકવાની આદત ધરાવતા લોકો માટે મુશ્કેલ દિવસો આવી રહ્યા છે કારણ કે આગામી બજેટ વિધાનસભા સત્રમાં, પાન મસાલા કે તમાકુ થૂંકવા જેવા ગુનાઓ માટે એક બિલ રજૂ કરવામાં આવશે, જેમાં ભારે દંડની જોગવાઈ હશે. મંગળવારે રાજ્ય સચિવાલય નબન્નામાં યોજાયેલી પશ્ચિમ બંગાળ કેબિનેટની બેઠકમાં આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવ્યો.

"મુખ્યમંત્રીએ પોતે જાહેર સ્થળોએ તમાકુ ચાવવા, પાન મસાલા અથવા પાનના અવશેષો થૂંકવાના વધતા વલણ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ખાસ કરીને ડાઘની ટીકા કરી હતી કારણ કે આવા થૂંક ઘણીવાર નવી રંગાયેલી દિવાલો અને ફૂટપાથ પર થાય છે, જે રાજ્ય સરકારના સુંદરીકરણના પ્રયાસોને અવરોધે છે," રાજ્ય કેબિનેટ સભ્યએ જણાવ્યું હતું. આ પછી, આવા ગુનાઓ માટે ભારે નાણાકીય દંડની જોગવાઈ સાથે બિલ રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ રાજ્ય કેબિનેટ સભ્યએ જણાવ્યું હતું.

જોકે, હજુ સુધી એ નક્કી કરવામાં આવ્યું નથી કે કેટલો દંડ ફટકારવામાં આવશે. સૂત્રો કહે છે કે આવા કોઈપણ ગુના માટે ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. પશ્ચિમ બંગાળ જાહેર સ્થળોએ થૂંકવા પર પ્રતિબંધ કાયદો, ૨૦૦૩ પહેલેથી જ અમલમાં છે, જે હેઠળ જાહેર સ્થળોએ થૂંકવા બદલ મહત્તમ દંડ ૨૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે.

જોકે, આ કાયદાની વ્યવહારિક ઉપયોગિતા અને રીઢો ગુનેગારોમાં ઓછી સજાને કારણે તેમના પર પ્રતિબંધક પાસા પર વારંવાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે. કદાચ આ જ કારણસર, નવા બિલમાં દંડની રકમ પાંચ ગણી વધારવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જોકે, પ્રશ્ન એ છે કે દરેક વિભાગમાં માનવશક્તિની અછતને ધ્યાનમાં રાખીને, સંબંધિત અમલીકરણ એજન્સીઓની અમલીકરણ ક્ષમતા કેટલી અસરકારક રહેશે.

તમને જણાવી દઈએ કે આ વર્ષે રાજ્યનું બજેટ સત્ર ૧૦ ફેબ્રુઆરીથી શરૂ થશે. પશ્ચિમ બંગાળના નાણાં વિભાગના પ્રભારી રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) ચંદ્રિમા ભટ્ટાચાર્ય ૧૨ ફેબ્રુઆરીએ રાજ્ય બજેટ પ્રસ્તાવ રજૂ કરશે.

## ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિન્હાએ યુનિફોર્મ સિવિલ કોડને દેશની જરૂરિયાત ગણાવી

નવીદિલ્હી

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ શત્રુઘ્ન સિંહાએ પોતાના એક નિવેદનથી લોકોને ચોંકાવી દીધા છે. તેમણે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ની હિમાયત કરી છે અને કહ્યું છે કે તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવે. શત્રુઘ્ન સિંહાએ ઉત્તરાખંડમાં લાગુ કરાયેલ સમાન નાગરિક સંહિતાની પણ પ્રશંસા કરી છે.

શત્રુઘ્ન સિંહાનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ગુજરાતમાં પણ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં યુસીસીનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. જેની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ રંજના દેસાઈ કરશે. રંજના દેસાઈએ ઉત્તરાખંડમાં અમલી યુસીસીનો



ડ્રાફ્ટ તૈયાર કર્યો છે.

સંસદની બહાર વાત કરતા ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યું, "ઉત્તરાખંડમાં જે બન્યું છે, પ્રથમ દ્દષ્ટિએ આપણે બધા કહીએ છીએ, તે પ્રશંસનીય છેપ સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ, તે કોઈપણ દેશમાં હોવી જોઈએ અને તમામ દેશવાસીઓ તેની સાથે સંમત થશે.''

જો કે ટીએમસી સાંસદે કહ્યું કે યુસીસીની અંદર ઘણી સમસ્યાઓ છે જેને દૂર કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે યુસીસીમાં ઘણા લોકો અને ઘણા વિભાગોનું ધ્યાન રાખવું જરૂરી છે. એવું ન લાગવું જોઈએ કે તમે મત કે ચૂંટણી માટે આનો અમલ કરી રહ્યા છો.

બીફ પ્રતિબંધનો મુદ્દો ઉઠાવતા શત્રુઘ્ન સિન્હાએ કહ્યું કે ઘણી જગ્યાએ તેના પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને તે યોગ્ય પણ છે. તેમણે કહ્યું, "જો તમે મને પૂછો તો, બીફ પર પ્રતિબંધ યોગ્ય છે અને સમગ્ર દેશમાં બીફ પર પ્રતિબંધ શા માટે અને નોન-વેજ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આ મારો અભિપ્રાય છે.''

યુનિફોર્મ સિવિલ કોડની ચર્ચા કરતી વખતે શત્રુઘ્ન સિંહાએ કહ્યું કે યુસીસીમાં ઘણી ગૂંચવણો છે. આ અંગે ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક થવી જોઈએ. અને આને ચૂંટણી કે મતના દ્દષ્ટિકોણથી જોવું જોઈએ નહીં. આ સમજદારીથી અને સાવધાની સાથે થવું જોઈએ.ટીએમસી સાંસદે કહ્યું કે જો તેને સાવધાની સાથે અને ચર્ચા બાદ લાગુ કરવામાં આવે તો તેના સકારાત્મક પરિણામો આવશે.

ઉલ્લેખનીય છે કે શત્રુઘ્ન સિંહા અગાઉ ભાજપના નેતા હતા. પરંતુ બીજેપી નેતૃત્વથી લાંબા અંતર બાદ તેઓ એપ્રિલ ૨૦૧૯માં કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. તેઓ માર્ચ ૨૦૨૨માં તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા હતા. એપ્રિલ ૨૦૨૨ માં, તેમણે આસનસોલ લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપને હરાવ્યો. ત્યારબાદ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તેઓ ટીએમસીની ટિકિટ પર આસનસોલ બેઠક પરથી જીત્યા હતા.

# સાવલી તાલુકા પંચાયતના મહત્વના દસ્તાવેજો જર્જરિત રૂમમાં રઝળતા જોવા મળ્યા



સાવલી,
સાવલી તાલુકા પંચાયત તેના મહત્વના દસ્તવેજો રેકોર્ડરૂમમાં નહીં મૂકીને જર્જરિત અને બિસ્માર રૂમમાં નાખી દેતાં તાલુકાજનોનો મહત્વનો રેકોર્ડ વેર વિખેર હાલતમાં પડી રહ્યો હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે તાલુકાજનોમાં તાલુકા પંચાયત અધિકારીઓની નિષ્કાળજી પ્રત્યે ભારે ટીકા થઇ રહી છે અને કાર્યવાહીની માગ ઉઠી છે.

સાવલી તાલુકા પંચાયતનું આશરે બે વર્ષ પહેલાં જ નવીન મકાન બન્યું છે. પરંતુ તાલુકાજનોના મહત્વના રેકોર્ડ્સ અને સરકારી રેકોર્ડ તરીકે જેની ગણતરી થાય છે, તેવા મહત્વના દસ્તાવેજો વેરવિખેર હાલતમાં જોવા મળી રહ્યા છે. જેના કારણે તાલુકાજનોને જૂના દાખલાઓના સરકારી કામાર્થે વેરિફિકેશન કરવાનું આવે ત્યારે ભારે આપદા ભોગવવાનો વારો આવે છે. અધિકારીઓની ઘોર બેદરકારીને પગલે તાલુકાના આ મહત્વના રેકોર્ડ્સ ધૂળ ખાતી હાલતમાં અને ઉધઇ ખાતી હાલતમાં જોવા મળી રહ્યા છે.

સામાન્ય રીતે તા.પં.માં આવકના દાખલા, એનએના ઓર્ડરો તેમજ સરકારની વિવિધ વિકાસની યોજનાઓના પુરાવા તેમજ રોડ રસ્તા અને આવાસોના દર્શનીય પુરાવા ભેગા કર્યા બાદ તા.પં.માંથી બિલો રીલિઝ થતા હોય છે. પરંતુ તાલુકાજનોના મહત્વના રેકોર્ડ્સ હાલ ધૂળ ખાતી હાલતમાં જોવા મળી રહ્યા છે. અને જે મકાનમાં રેકોર્ડ મૂકવામાં આવ્યા છે તે બિલકુલ જર્જરિત હાલતમાં છે. છત પર ઢાંકેલા પતરાઓ પણ તૂટી ગયા છે.

જાણવા મળ્યા મુજબ મંગળવારે તાલુકાના એક યુવક આકાશ વસાવા રહે વડીયાને અગ્નિ વીર યોજનામાં ભરતી થવા દાખલાની જરૂર પડી અને દાખલો શોધવા માટે રેકોર્ડરૂમમાં જતાં વાસ્તવિક સ્થિતિ ખુલ્લી પડી હતી. આ યુવકની અગ્નિ વીર યોજના છેલ્લા સ્ટેજ પર છે. જેથી અગ્નિવીર વિભાગથી સાવલી મામલતદાર પર મેઇલ આવ્યો હતો અને જાતિના પ્રમાણપત્રના વેરિફિકેશન માટે જણાવ્યું હતું. પરંતુ આ જાતિનો દાખલો તાલુકા વિકાસ અધિકારી સાવલી દ્વારા ઇસ્યુ કરાયેલ હતો. જેથી ટીડીઓએ વેરિફિકેશન કરવાનું થાય છે અને બુધવારે છેલ્લો દિવસ હોઇ યુવકના પિતા અને ગ્રામજનોએ ટીડીઓની કચેરીએ પહોંચતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. ત્યારે અધિકારીઓ અને કચેરીના અન્ય કર્મચારીઓની ઉદાસીનતા તેમજ નિષ્કાળજીના પગલે એક આશાસ્પદ યુવકની કારકિર્દી રોળાઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આમ તાલુકાના હજારો યુવકોના વિવિધ દાખલાઓ અને રેકોર્ડ્સ હાલ જર્જરિત અને રફેદફે હાલતમાં જોવા મળી રહ્યા છે. ત્યારે ગતિશીલ ગુજરાત અને વાયબ્રન્ટ ગુજરાતના બણગાં કેટલા સાચા છે, તે સાબિત થાય છે. આવા કસૂરવારો સામે પગલા ભરાય તેવી માંગ ઉઠી છે.

**આવનાર સમયમાં તાલુકાજનોને રેકોર્ડની જરૂર પડશે. ત્યારે મુશ્કેલી પડે તેવી સ્થિતિ તાલુકા પંચાયતમાં તો તાલુકાજનોનો રેકોર્ડ બિનવારસી હાલતમાં પડ્યો જ છે. તેવી જ રીતે નવી મામલતદાર કચેરી સેવાસદન ખાતે શિફ્ટ થઈ છે. ત્યારથી તાલુકાનો જૂનો રેકોર્ડ જૂની કચેરીમાં પોટલામાં નિર્જન હાલતમાં પડેલો છે. તાલુકાજનોનો રેકોર્ડ ગુમ થવાની શક્યતા છે અને બિલકુલ રદ્દી હાલતમાં છે. તો આવનાર સમયમાં તાલુકાજનોને રેકોર્ડની જરૂર પડશે તો કેવી સ્થિતિનું**

# છોટાઉદેપુરમાં ભાજપની મોટી કાર્યવાહી : પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ૫ સક્રિય કાર્યકરોને કરાયા સસ્પેન્ડ

છોટાઉદેપુર,
છોટાઉદેપુર નગરપાલિકાની આગામી ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવા બદલ ભારતીય જનતા પાર્ટીએ પાંચ સક્રિય સભ્યોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. આ કાર્યવાહીમાં મંડલ લઘુમતી મોરચાના પ્રમુખ ઈર્ષાદભાઈ હુસેનભાઈ ખાલપા સહિત રમજાની ફારૂકભાઈ ફોદા, શર્મિષ્ઠાબેન રાજુભાઈ તડવી, મયુરભાઈ રમેશભાઈ ચૌહાણ અને શિલ્પાબેન જગદીશભાઈ દેસાઈનો સમાવેશ થાય છે.

નગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૭ વોર્ડમાં ૨૮ બેઠકો માટે ૯૯ ઉમેદવારો વચ્ચે ચતુષ્કોણીય જંગ જામવાનો છે. આ ચૂંટણીમાં કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી મળવાની શક્યતા ઓછી જણાય છે. જે ભાજપ માટે ચિંતાનો વિષય બની શકે છે. ભાજપ દ્વારા છોટા ઉદેપુર નગરપાલિકામાં સત્તા મેળવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.


આગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર મતદાન બાદ જ સ્થિતિ સ્પષ્ટ થશે. આ કાર્યવાહી દર્શાવે છે કે, પક્ષ પોતાના કાર્યકરો પાસેથી શિસ્ત અને વફાદારીની અપેક્ષા રાખે છે અને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ સામે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

# જેતપુરપાવીના કલારાણી મુકામે ધારાસભ્ય હાટ બજારનું ઓપનીંગ કરાયું



જેતપુરા,
૧૩૮ જેતપુર પાવી વિધાનસભામાં સમાવિષ્ટ કલારાણી મુકામે માન્ય ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા ઉપસ્થિત રહીને આજરોજ બુધવાર કલારાણીમાં હાટ બજાર નું ઓપનિંગ કરવામાં આવ્યો જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં વેપારી મિત્રો ૫૩ થી પણ વધારે દુકાનો લગાવીને ભવ્ય શુભારંભ માન્ય ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા વરદ હસ્તે કરવામાં આવ્યું. જેમાં આસપાસના ગામડા માંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી સારા અને ઓછા ભાવે વસ્તુ મળી રહે તે માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ખરીદી કરતા જોવા મળ્યા. જેમાં ઉપસ્થિત ૧૩૮ જેતપુરપાવી વિધાનસભાના ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા, જીલ્લા પંચાયતના સિંચાઈ સમિતિના ચેરમેન નયનાબેન ગોવિંદભાઈ રાઠવા, પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન ગોવિંદભાઈ રાઠવા, જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના સભ્યો તેમજ વિસ્તારના સૌ સરપંચો, પૂર્વ તાલુકા પંચાયતના સભ્ય મનહરભાઈ અને ગ્રામજનો ગામના યુવાન મિત્રો અને વડીલો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

# સંતરામપુરના ડોળીલીમડી ગામમાં દીપડાનું રેસ્ક્યુ : વન વિભાગ અને એનિમલ હેલ્પ ટ્રસ્ટની ત્વરિત કામગીરી, દીપડાને સલામત સ્થળે ખસેડાયો




સંતરામપુર,
મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ડોળીલીમડી ગામમાં આજે એક દીપડો ખેતરમાં જોવા મળતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક રહીશોએ ખેતરમાં દીપડાની હાજરી જોતાં જ તાત્કાલિક વન વિભાગ અને એનિમલ હેલ્પ ચેરિટેબલ ટ્રસ્ટને જાણ કરી હતી.

બંને સંસ્થાઓની ટીમો તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વ્યવસાયિક રીતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. સફળ રેસ્ક્યુ બાદ દીપડાને સંતરામપુર વન વિભાગના પશુ દવાખાને લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેની પ્રાથમિક તપાસ અને જરૂરી સારવાર કરવામાં આવી હતી.

હાલમાં દીપડો વન વિભાગની સીધી દેખરેખ હેઠળ સુરક્ષિત છે. આ ઘટના દરમિયાન કોઈ જાનહાનિ કે નુકસાન થયું ન હતું. જે વન વિભાગ અને એનિમલ હેલ્પ ટ્રસ્ટની ત્વરિત અને કુશળ કામગીરીનું પરિણામ છે. વન વિભાગના અધિકારીઓએ ગ્રામજનોને સતર્ક રહેવા અને કોઈ વન્યપ્રાણી દેખાય તો તુરંત જ સંબંધિત વિભાગનો સંપર્ક કરવા અપીલ કરી છે.

# મહીસાગર જીલ્લાના સંતરામપુર બાયપાસ ઉપર નસીકપુર પાસે પોલીસની ગાડીને નડ્યો અકસ્માત



સંતરામપુર,
પોલીસની સરકારી ગાડી અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત ગાડીમાં સવાર બે પોલીસ કર્મચારીઓને ઈજા પહોંચી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો ગાંધીનગરની ગાડી હોવાની પ્રાથમિક વિગતો સામે આવી ઈજાગ્રસ્તોને સંતરામપુરની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા. અકસ્માતમાં સરકારી પોલીસની ગાડીને આગળના ભાગે ખૂબ નુકસાન પહોંચ્યું. ગાંધીનગર થી પોલીસ વિભાગ દ્વારા અલગ અલગ શહેરોમાં અને જીલ્લામાં ટેબલેટની ડિલિવરી કરવામાં આવેલા પોલીસ સ્ટાફ દ્વારા સંતરામપુર નગરના બાયપાસ પાસે પોલીસની ગાડીને અકસ્માત સર્જાયો ગાડીમાં બેઠેલા એક કોસ્ટેબલને અને ડ્રાઈવરને સામાન્ય ઈજા પહોંચી હતી. બંનેને સારવાર અર્થે ખસેડવામાં આવેલા હતા. પોલીસે ગાડી અને ટ્રેક્ટરના ટ્રેક્ટરની બંનેને કબજામાં કરીને વધુ તપાસ હાથ ધરાઈ.

# મહિસાગર જિલ્લામાં શાકભાજીના ભાવ ઓછા મળતા ખેડુતોમાં રોષ

લુણાવાડા,
મહિસાગર જિલ્લામાં પ્રાકૃતિક લીલા શાકભાજી વાવતા ખેડુતોને ઓછા ભાવ મળતા આક્રોશ ફેલાયો છે. આ મુદ્દે રાજયના કૃષિ મંત્રીને ડિબેટ કરવા જણાવ્યુ છે. તનતોડ મહેનત બાદ પણ ખેડુતોને શાકભાજીના ભાવ નજીવા મળી રહ્યા છે. આમ તો ખેડુતોએ શાકભાજીના ઉત્પાદન માટે રાત–દિવસ એક કરી દેતા હોય છે. ત્યારે શાકભાજી ઉત્પન્ન થતુ હોય છે. જોકે તેમની આ તનતોડ મહેનત બાદ પણ કોડીના ભાવ મળતા હોય છે. ત્યારે ખેડુતોમાં આક્રોશ ફેલાયો છે.

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના મોકમ સિંહના ભેવાડા ગામના પંકજભાઈ પટેલે પ્રાકૃતિક શાકભાજી કરી હતી. પણ ભાવ ન મળતા નિરાશ થયા છે. હાલમાં લીલા શાકભાજીના ભાવ પાંચ રૂપિયાના પડીકા કરતા પણ સસ્તા ખેડુતોને મળી રહ્યા છે. ટમેટા બે થી અઢી રૂપિયા કિલો વેચાઈ રહ્યા છે. અને પાંચ રૂપિયે કિલો રીંગણ કોઈ લેવા તૈયાર નથી. આથી ખેડુતો વાડી ખુલ્લી મુકી દીધી છે. જે કોઈને શાકભાજી લેવી હોય તે લઈ જાય ખેડુતોને પ્રાકૃતિમ શાકભાજીનો યોગ્ય ભાવ ન મળતા આક્રોશ જોવા મળી રહ્યો છે.

# સંતરામપુરના કાળીબેલ ગામે થયેલ હત્યાનો ભેદ ઉકેલાયો : હત્યારાને ઝડપી પડાયો

લુણાવાડા,
સંતરામપુર તાલુકાના કાળીબેલ ગામે થયેલી હત્યાનો ભેદ પોલીસે ઉકેલી હત્યારાને ઝડપી લીધો હતો.

કાળીબેલ ગામે ચોરાફળી વિસ્તારમાંથી એક આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. જેની તપાસ દરમિયાન મૃતક સોમાભાઈ ખાંટ હોવાનુ અને તેની કરપીણ હત્યા કરાઈ હોવાનુ અને મૃતદેહ ફેંકી દેવાયો હોવાનુ સામે આવ્યુ હતુ. જેથી પોલીસે હત્યારાને શોધવા માટે અલગ અલગ ટીમો બનાવી તપાસ કરતા જેને પગલે માત્ર ૨૪ કલાકમાં પોલીસ દ્વારા હત્યારાને શોધી કાઢવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં અરજણ ખાટે નામના જુના ઝઘડાની અદાવતમાં ઝઘડો કરી સોમા ખાટને ધારિયાના ઘા મારી હત્યા કરી હોવાનુ બહાર આવતા પોલીસે તેની ધરપકડ કરી હત્યામાં ઉપયોગમાં લેવાયેલ હથિયાર પણ કબ્જે કર્યુ હતુ. મરણ જનારના મોબાઈલનો પણ આરોપીએ નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

# ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયની મહાનગરપાલિકાઓની ક્રિકેટ ટીમ વચ્ચે રમાનારી ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટનો ટોસ ઉછાળીને શુભારંભ કરાવ્યો હતો. આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સૌ પ્રથમ વાર કરવામાં આવ્યું છે.

રાજયની ૬ મહાનગરપાલિકાઓની મેયર્સ ટીમ અને ૮ કોર્પોરેશન્સની કમિશનર ક્રિકેટ ટીમ એમ કુલ ૧૪ ટીમ આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. આઇ.આઇ.ટી. ગાંધીનગરના ક્રિકેટ ગ્રાઉન્ડ તારીખ ૫ ફેબ્રુઆરી થી ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન આ ટુર્નામેન્ટ યોજાશે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ સાથે જ મહિલા પદાધિકારીઓ માટે ખાસ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન પણ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીએ ટુર્નામેન્ટની ટિમ્સ સાથે પરિચય વિધિ કરી હતી અને સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ટુર્નામેન્ટનો પ્રારંભ ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબહેન પટેલ, ડેપ્યુટી મેયર નટવરજી ઠાકોર તેમજ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, જિલ્લા કલેકટર મેહુલ દવે , મ્યુનિસિપલ કમિશનર વાઘેલા વગેરેની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. ટુર્નામેન્ટમાં સહભાગી અન્ય મહાનગરપાલિકાઓના પદાધિકારીઓ-અધિકારીઓ પણ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

## લગ્નગ્રંથીથી જોડાયેલ છે

અમે જાહેર કરનાર ગોધરા તાલુકાના લીલેસરા ગામના બારીયા સુનિલભાઇ ભલાભાઈ એ આમલીયાર ઈલાબેન મહેન્દ્રભાઇ રહે. સંતરામપુર સાથે તારીખ ૦૯/૦૧/૨૦૨૫ના રોજ ઘોઘંબા તાલકુાના કંકોડાકોઇ ગામે હિન્દુવિધી મુજબ બન્નેની સર્વ સંમતિથી લગ્નગ્રંથિથી જોડાયેલ છીએ.



# બાલાસિનોર નગર પાલિકામાં ભાજપ પક્ષનો મોટો દાવ : બે વોર્ડમાં ૮ સભ્યો બિનહરીફ જાહેર



બાલાસિનોર,
બાલાસિનોર નગર પાલિકાનું ચૂંટણી પહેલા રાજકીય ગરમાવો વચ્ચે નગર પાલિકાના ૭ વોર્ડ પૈકી વોર્ડ નંબર ૪ અને વોર્ડ નંબર ૩માં ભાજપના સભ્યો બિનહરીફ જાહેર થતા સમગ્ર મહીસાગર જીલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ત્યારે કોંગ્રેસ પક્ષના એક સભ્ય બિન હરીફ જાહેર કરવામાં આવતા કોંગેસે ભાજપને ટક્કર આપવા ખાતું ખોલ્યું હોવાની વાતો વહેતી થઇ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર નગર પાલિકામાં એનસીપી પક્ષ દ્વારા મેન્ડેન્ડ રદ કરતા વોર્ડ નંબર ૪ ના ભાજપના ૪ સભ્યો બિનહરીફ જાહેર થયા હતા. જયારે આજે સતત બીજા દિવસે વોર્ડ નંબર ૩ ના કોંગ્રેસના ઉમેદવાર જયેશ પરષોત્તમ શર્મા અને હિરલ જયેશ શર્મા સહીત સમાજવાદી પાર્ટીના જયદીપ રાવળ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ચાર ઉમેદવારો બિનહરીફ થયા હતા. ત્યારે વોર્ડ નંબર ૭ના કોંગ્રેસ પક્ષના નિલોફર બાનું ફરીદમીયા શેખ બિન હરીફ થતા બાલાસિનોરના રાજકારણને લઈને મહીસાગર જીલ્લામાં રાજકીય ગરમાવો જોવા માંડ્યો હતો. ત્યારે બાલાસિનોર નગર પાલિકામાં ચૂંટણી પહેલા સાત વોર્ડના ૨૮ સભ્યો પૈકી ૯ સભ્યો બિન હરીફ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારે બાલાસિનોર નગર પાલિકામાં વોર્ડ નંબર ૧,૨,૫,૬,૭માં ૧૯ સભ્યો માટે રાજકીય પક્ષના ૪૭ ઉમેદવારો મેદાનમાં છે.

### સંતરામપુર નગરપાલિકા ચૂંટણી

# સંતરામપુર પ્રાંત કચેરી ખાતે ઉમેદવારી પત્ર ખેંચવાની છેલ્લી તારીખે ૬ ઉમેદવારી પત્ર ખેંચાયા

સંતરામપુર,
વોર્ડ નંબર–૨ માં વર્ષાબેન સંતોષકુમાર જોશી, વોર્ડ નંબર ચારમાં ખાલીદ અરબ, વોર્ડ નંબર ચારમાં આરીફ રજાકશેખ, વોર્ડ નંબર પાંચમાં ખાલીદ બિન અબ્દુલ કરીમ અરબ, વોર્ડ નંબર પાંચમાં પઠાણ મુસ્તાક ગુલામ કાદર, વોર્ડ નંબર એકમાં જહીર આમિદાઉદ આ રીતે છ ઉમેદવારો ફોર્મ પરત ખેંચ્યા. જયારે વોર્ડ નંબર એકમાં ૧૦ ઉમેદવાર ઉમેદવારી નોંધાવી વોર્ડ નંબર ૨ માં ૧૩ ઉમેદવારી, વોર્ડ નંબર ત્રણમાં ૧૨ ઉમેદવારી વોર્ડ નંબર ચારમાં ૧૧ ઉમેદવારી, વોર્ડ નંબર
પાંચમાં ૧૦ ઉમેદવારી, વોર્ડ નંબર ૬ માં ૧૦ ઉમેદવારી, ૬૬ ઉમેદવારો એ ઉમેદવારી પત્રો નોંધાવી અને ચિત્રસ્પર્ત થયું.

## આપની આજ.......

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઈનલ થશે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે. દિવસે મુશ્કેલીઓ હોવા છતાં, શકિતમાં વધારો થશે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધન: આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

મીન: આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરામાં આવેલ ગાંધીજી, સરદાર પટેલ અને મોરારજી દેસાઈ સાથે જોડાયેલ ઈમારતો જર્જરીત થતાં વડોદરા આર્કોલોજીસ્ટ ટીમે મુલાકાત લીધી



ગોધરા, ગોધરા શહેરમાં આવેલ ત્રણ ઐતિહાસીક ઈમારતો જર્જરીત બનતા જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પાંચ મહિના પહેલા મુખ્યમંત્રી અને આર્કોલોજીસ્ટ વિભાગને આ ઈમારતોના સંરક્ષણ માટે રજુઆત કરાઈ હતી. જેને લઈ વડોદરાની આર્કોલોજીસ્ટ વિભાટની ટીમે સ્થળ મુલાકાત લીધી હતી.

ગોધરા શહેરમાં આવેલ ત્રણ ઐતિહાસીક ઈમારતોમાં સર્વોદય સોસાયટી ખાતે આવેલ ગાંધી આશ્રમ જયાં ૧૯૧૭માં મહાત્મા ગાંધીજીએ પ્રાર્થના પ્રવચન કરી અસ્પૃશ્યતા નિવારણની શરૂઆત કરી હતી. તે પ્રથમ ઈમારત બીજી પોલીસ ગઢી વિસ્તારમાં આવેલ જુની પ્રાંત અધિકારીની કચેરી છે. જયાં સરદાર વલ્લભભાઈ પટેલે વકિલાતની શરૂઆત કરી હતી અને ગોધરા સેવાસદન સ્કુલમાં આવેલ ત્રીજી ઈમારત જયાં ભારતના પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈ એ રેસીડેન્ટ ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવી હતી. આ ત્રણ ઐતિહાસીક ઈમારતો જર્જરીત બનતા જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજયના મુખ્યમંત્રી અને આર્કોલોજીસ્ટ વિભાગને ઈમારતોની જાળવણી માટે રજુઆત કરાઈ હતી. જેને લઈ વડોદરા આર્કોલોજીસ્ટ વિભાગે ત્રણે ઈમારતોની મુલાકાત લીધી હતી. આ બાબતે જીલ્લા કોંગ્રેસ સમિતિના માજી પ્રમુખ અજીતસિંહ ભાટીએ જણાવ્યું કે, જેમ વડનગર, અમદાવાદ સાબરમતી આશ્રમનું રીનોવેશન થયું છે. તેમ ગોધરામાં આવેલ ઐતિહાસીક ઈમારતોની જાળવણી અને રીનોવેશન કરવામાં આવે.

# ગોધરા સેન્ટ આર્નોલ્ડ સ્કુલની બહાર ભુર્ગભ ગટર લાઈનના તુટેલ ઢાંકણને લઈ વાલીઓમાં ચિંતા દુર્ઘટના સર્જાય તે પહેલા મરામત થાય તેવી માંગ



ગોધરા, ગોધરા શહેરના અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ સેન્ટ આર્નોલ્ડ સ્કુલની બહારથી પસાર થતી અંડર ગ્રાઉન્ડ ગટર લાઈનનું ઢાંકણ તુટી જવાને લઈ મોટો ખાડો પડયો છે. જે સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જોખમી છે. ત્યારે ભુર્ગભ ગટરના ઢાંકણનું સમારકામ કરવામાં આવે તે જરૂરી છે.

ગોધરા-અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ સેન્ટ આર્નોલ્ડ સ્કુલની બહાર રોડ સાઈડ માંથી પસાર થતી ભુર્ગભ ગટર લાઈનનું ઢાંકણ છેલ્લા કેટલાક સમયથી તુટી ગયેલ છે. જેને લઈ મોટો ખાડો પડયો છે. જે સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. શાળામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ત્યાંથી પસાર થતા હોય તેવા વિદ્યાર્થીઓ જો ભુલચૂક થી આ ખાડામાં પડી જાય તો જીવનું જોખમ આવી શકે છે. સેન્ટ આર્નોલ્ડ સ્કુલ સંચાલકો દ્વારા ભુર્ગભ ગટર લાઈનના તુટેલ ઢાંકણના સમારકામ માટે અનેવાર મૌખિક રજુઆત કરી છે. તેમ છતાં ભુર્ગભ ગટર લાઈનના તુટેલ ઢાંકણનું મરામત નહિ કરવામાં આવતા સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓમાં ચિંતાનો માહોલ છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા તુટેલ ઢાંકણાની મરામત કરાવે તેવી માંગ ઉઠવા પામી છે.

# અર્બન હેલ્થ સેન્ટર સાતપુલ દ્વારા પીડિયાટ્રીક આઉટરીચ કેમ્પનું સફળ આયોજન



ગોધરા, આજે અર્બન હેલ્થ સેન્ટર, સાતપુલ દ્વારા અમન પાર્ક આંગણવાડી ખાતે પીડિયાટ્રિક આઉટરીચ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં બાળકોના આરોગ્ય ચકાસણી તથા જરૂરી સારવાર પૂરી પાડવાની સેવા આપવામાં આવી.

કેમ્પમાં બાળરોગ નિષ્ણાત ડો. ગિરીશ પ્રજાપતિ, મેડિકલ ઓફિસર ડો. રૂકશાના અંશારી અને ડો. પાર્થ કટારા હાજર રહ્યા હતા. આ સાથે, આંગણવાડી કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે બાળકોના આરોગ્ય અને પોષણ અંગે માહિતગાર કર્યા.

આ કેમ્પમાં અનેક બાળકોનું નિદાન કરાયું, તેમજ તેમને જરૂરી સલાહો અને સારવાર અપાઈ. અર્બન હેલ્થ સેન્ટર દ્વારા પોષણ અને રોગપ્રતિકારક ક્ષમતાને મજબૂત બનાવવા માટે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કેમ્પ દ્વારા અનેક માતા-પિતાઓને તેમના બાળકના આરોગ્ય અંગે જાગૃત કરવામાં આવ્યા. જે હેલ્થ સેન્ટરનો મુખ્ય હેતુ હતો. આ સેવાઓનું લાભ લેવો એ તમામ પિતાઓ માટે અગત્યનું છે. જેથી ભવિષ્યમાં બાળકો તંદુરસ્ત અને સજીવ રહી શકે.

# ગોધરાના પોપટપુરા ગામે ખોડીયાર માતાજી જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

## પોપટપુરા મંદિરના ૩૭માં પાટોત્સવમાં મોટી સંખ્યામાં માંઈ ભકતો ઉમટી પડયા હતા.



ગોધરા, ગોધરા તાલુકાના પોપટપુરા ગામે આવેલ પ્રસિધ્ધ ખોડીયાર મંદિરે મહા સુદ-૮ના શુભ દિવસે માતાજીના જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી. પોપટપુરા ખોડીયાર મંદિરના સંચાલકો દ્વારા આયોજીત કરવામાં આવેલ ૩૭માં પાટોત્સવમાં ગોધરા તેમજ આસપાસ વિસ્તારો તેમજ અન્ય જીલ્લાઓમાં મોટી સંખ્યામાં માંઈ ભકતો ઉમટી પડયા હતા.

ગોધરા નજીક આવેલ પોપટપુરા ગામે આવેલ પ્રસિધ્ધ ખોડીયાર મંદિરે મહા સુદ આઠમ માતાજીના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ખોડીયાર મંદિરનું સંચાલન કરતા સંચાલકો દ્વારા આયોજીત કરવામાં આવેલ ૩૭માં પાટોત્સવ કાર્યક્રમમાં કંકુ કેશર માંની ઉપસ્થિતીમાં આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં હોમ-હવન કરવામાં આવ્યું હતું. ખોડીયાર મંદિર ખાતે વહેલી સવારથી માતાજીના દર્શન માટે ગોધરા અને આસપાસના ગામો અને અન્ય જીલ્લાઓ માંથી મોટી સંખ્યામાં ભાવિ ભકતો ઉમટી પડયા હતા. ભકતો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પોપટપુરા ગામે ખોડીયાર મંદિરની આસપાસ મેળો ભરાયો હતો. વહેલી સવારથી મંદિર પરિસર ખોડીયાર માતાજીના જયઘોષથી ગુંજી ઉઠયું હતું. માઈ ભકતો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# એન.એસ.એસ કેમ્પ ભાણપુરા પ્રા.શાળા જાંબુઘોડા ખાતે ધ્વજવંદન તાલીમ સેમિનાર યોજાઈ ગયો



જાંબુઘોડા, ભાણપુરા પ્રા. શાળા જાંબુઘોડા ખાતે તા. ૨/૨/૨૫ને રવિવાર ના રોજ બપોરે ૧૨ વાગે કાર્યક્રમની શરૂઆતમાં એન.એસ.એસ.ના પોગ્રામ ઓફીસર મહેન્દ્રભાઈ વર્માએ આવકારી વિદ્યાર્થીઓના હસ્તે સૂતરની આંટી આપી સન્માન કરાયુ હતું. અખિલ ભારતીય સેવાદળના સંગઠક વિનોદ પરમાર અને મંત્રી પ્રજ્ઞા પરમારે ધ્વજ વંદન કરતી વખતે અને ધ્વજ કેવી રીતે બાંધવો, રાષ્ટ્રગીતમાં થતા ઉચ્ચારમાં થતી ભૂલોને સુધારવા બીજાઓને પણ આ વિશે જાણકારી આપવી ફલેગ કોડ આધારિત નિયમોની માહિતી, પ્રદર્શન ઈતિહાસ ને પ્રેકટીકલ સાથે વિદ્યારથીઓને શીખવવામાં આવ્યું હતું. આટર્સ એન્ડ સાયન્સ કોલેજના ૬૦ વિદ્યાથીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો.


# શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ખોડીયાર જયંતિ ની આસ્થાભેર ઉજવણી કરાઈ હતી : જયારે મોરવા રેણા ગામમાં ખોડીયાર માતાજીની શોભાયાત્રા નીકળી હતી



શહેરા, શહેરા તાલુકા પંથકમાં આવેલા ખોડીયાર માતાજીના મંદિર ખાતે દિવસ દરમિયાન માતાજીના દર્શન કરવા માટે ભાવિક ભક્તોની અવર જવર રહી હતી. જ્યારે મોરવા રેણા ગામના ખોડીયાર માતાજીના મંદિરથી માતાજીના ભક્તિમય ગીતો સાથે શોભાયાત્રા નીકળી હતી. ખોડીયાર માતાજીની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. ખોડીયાર માતાજીના મંદિર ખાતે માઈ ભક્તોએ મહાઆરતી અને પ્રસાદીનો લ્હાવો લીધો હતો. ખોડીયાર માતાજીના જય... જય.. કારથી વાતાવરણ ગુંજી ઉઠતા ભક્તિમય માહોલ સર્જાયો હતો. સમગ્ર જીલ્લામાં આવેલા ખોડીયાર માતાજીના મંદિર ખાતે ભક્તિભાવપૂર્વક ખોડીયાર જયંતિની ઉજવણી કરાઈ હતી.

# ઘોઘંબા તાલુકાના ફરોલ અને લાલપુરી વચ્ચે આવેલ ઈંટોના ભઠ્ઠાઓ વાળાઓ દ્વારા અન્ય સર્વે નંબરો માંથી ગેરકાયદેસર માટી ખનન તંત્ર મૂક પ્રેરક





ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ફરોડ અને લાલપુરી વચ્ચે આવેલા ઈંટોના ભઠ્ઠાના સંચાલકો દ્વારા ગેરકાયદેસર અન્ય સર્વે નંબરો માંથી માટી ખનન કરી આ માટી ભઠ્ઠામાં લાવીને ઈંટોનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. ગેરકાયદેસર માટી ખનન કરી ઈંટોના ભઠ્ઠામાં માટી લવાતી હોવા અંગે તંત્રને જાણકારી હોવા છતાં કાર્યવાહી કરવામાં આવતી નથી.

ઘોઘંબા તાલુકાના ફરોડ અને લાલપુરી વચ્ચે અનેક ઈંટોના ભઠ્ઠાઓ આવેલ છે. આ ઈંટોના ભઠ્ઠાના સંચાલકો દ્વારા ગેરકાયદેસર રીતે અન્ય સર્વે નંબરો માંથી માટીનું ખનન કરી આ માટી ઈંટોના ભઠ્ઠાઓમાં લાવવામાં આવે છે અને ઈંટોનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. ઈંટોના ભઠ્ઠાના સંચાલકો દ્વારા ફરોડ અને લાલપુરી વિસ્તારોના અન્ય સર્વે નંબરોમાં ગેરકાયદેસર માટી ઉલેચી રહ્યા છે. આ પ્રવૃતિથી સરકારી તંત્રને જાણકારી છે. તેમ છતાં ઈંટોના ભઠ્ઠાના સંચાલકો દ્વારા કરતા ગેરકાયદેસર માટી ખનન મામલે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે અને ઈંટોના ભઠ્ઠા સંચાલકોને આ રીતે ગેરકાયદેસર માટી ખનનને મૂક સંમતિ આપવામાં આવતી હોય તેવી લોકચર્ચાઓ ઉઠી રહી છે. ત્યારે હવે જોવાનું રહેશે કે વહીવટી તંત્ર દ્વારા ઈંટોના ભઠ્ઠા સંચાલકો દ્વારા કરાતી માટી ખનનને રોક લગાવીને કાર્યવાહી કરી આવી ગેરકાયદેસર માટી ખનન પ્રવૃતિને રોક લગાવે તે જરૂરી છે.

# એસ.ટી.નિગમે રદ્દ કરેલી ખડકી હોટલ પર એસ.ટી.બસ ઉભી રખાતા મુસાફરોમાં રોષ

ગોધરા, ગુજરાત એસ.ટી.વિભાગ દ્વારા હાઈવેની ૨૭ હોટલોનુ ટેન્ડર રદ્દ કરવામાં આવ્યુ છે. જેમાં ગોધરા વિભાગની રદ્દ કરેલ હોટલ પર એસ.ટી.બસ ઉભી રહેતા મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો. હોટલ માલિક અને ડ્રાઈવર-કંડકટરની મિલીભગતના આક્ષેપો ઉઠ્યા હતા. ગુજરાત એસ.ટી.વિભાગ દ્વારા લાંબા અંતરની મુસાફરીની બસોમાં મુસાફરોને થોડો આરામ મળે અને ચા-નાસ્તો કરી શકે તે માટે હોટલોને ટેન્ડર ફાળવવામાં આવ્યા હતા. પરંતુ હોટલ માલિકો દ્વારા બસના મુસાફરોને પુરતી સુવિધા આપવામાં આવતી ન હતી. ખાવા-પીવાની ચીજવસ્તુઓમાં છાપેલી કિંમત કરતા વધુ કિંમત તથા એકસપાયરી ડેટવાળી વસ્તુઓ વેચવામાં આવતી હતી. ઉઘાડી લુંટ કરાતી હતી. જેથી મુસાફરો દ્વારા ફરિયાદ કરાતા હોટલ માલિકો દ્વારા સાંભળવામાં આવતુ ન હતી. જેથી મુસાફરો દ્વારા નિગમમાં ફરિયાદ કરાતા નિગમ દ્વારા તપાસ કરતા મુસાફરો દ્વારા કરેલ ફરિયાદ સાચી હોવાનુ જાણવા મળતા રાજયની ૨૭ હોટલોનો પરવાનો રદ્દ કર્યો હતો. જેમાં ગોધરા વિભાગમાં આવતી કાલોલ પાસેની ૨ અને બાલાસિનોર પાસેની ૧ મળીને ૩ હોટલોનો પરવાનો રદ્દ કર્યો છે. ત્યારે દાહોદ ડેપોની બસ ખડકી પાસેની રદ્દ કરેલ હોટલ કિસ્મત કાઠીયાવાડી પર એસ.ટી.ની બસ ઉભી રહેતા મુસાફરોમાં રોષ ઉઠ્યો હતો. ડ્રાઈવર-કંડકટરની મિલીભગત હોટલ માલિક સાથે હોવાના આક્ષેપો ઉઠ્યા હતા.

# ગોધરા તાલુકાના ખેડુતોને ફલાવરના પોષણક્ષમ ભાવ નહિ મળતાઉ ટન ફલાવર પશુઓને ખવડાવ્યુ

ગોધરા, ગોધરા તાલુકાના હમીરપુર ગામના ખેડુતોને ફલાવરના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડુતોને રખડતા ઢોરોને તથા રસ્તા પર ફેંકી દેવામાં આવતા ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. એક ખેડુત દ્વારા તૈયાર પાક પર ટ્રેકટર ફેરવી દેવામાં આવ્યુ હતુ. ત્યારે બીજા એક ખેડુતે ૩ ટન ફલાવર ઢોરોને ખવડાવી દીધુ હતુ. જયારે અમુક ખેડુતોએ ઉકરડામાં ફેંકી દીધુ હતુ. જેથી ફલાવરની ખેતી કરેલા ખેડુતોને રાતા પાણીનો રોવાનો વારો આવ્યો છે. ગોધરા તાલુકાના હમીરપુર ગામે ખેડુતોની ફલાવરની ખેતીમાં સતત બે માસ સુધી રાત્રિના ઉજાગરા કરીને મોંઘા બિયારણ લાવીને ફલાવરનુ વાવેતર કર્યુ હતુ. પાક તૈયાર થતાં માર્કેટમાં વધુ ભાવ મળશેની આશાએ વેચાણ માટે ગયા હતા. પરંતુ પોષણક્ષમ ભાવ નહિ મળતા તૈયાર પાકને ફેંકી દેવાનો વારો આવતા ખેડુતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હાલ માર્કેટમાં ફલાવરની પાકની આવક વધતા અને માંગ ઘટતા ખેડુતો કફોડી સ્થિતિમાં મુકાયા છે. હાલમાં પાક તૈયાર થયા બાદ વેચાણ કરવામાં આવતા નહિવત ભાવ મળતા તૈયાર પાકને રખડતા ઢોરોને ખવડાવી દેવાની નોબત આવી છે. ત્યારે અમુક ખેડુતોએ તૈયાર પાક પર ટ્રેકટર ફેરવી દીધુ હતુ જયારે અમુક ખેડુતોએ ઉકરડામાં ફેંકી દીધુ હતુ. હાલ છુટક બજારમાં એક કિલો ફલાવર બે થી પાંચ રૂપિયા સુધી વેચાણ થઈ રહ્યુ છે. દિન પ્રતિદિન ફલાવરના પાક ઘટતા ભાવોને લઈને ખેડુતો ભારે ચિંતામાં મુકાયા છે.

# કલ્યાણ જવેલર્સે ગોધરામાં નવો શોરૂમ લોંચ કરવાની જાહેરાત કરી

ગોધરા, ભારતની સૌથી વિશ્વસનીય અને અગ્રણી જ્વેલરી બ્રાન્ડ્સ પૈકીની એક કલ્યાણ જ્વેલર્સે આજે જાહેર કર્યું છે કે તે ગુજરાતના ગોધરામાં નવો શોરૂમ લોંચ કરશે. બોલીવુડ અભિનેતા રાજકુમાર રાવ ૦૬ ફેબ્રુઆરીના રોજ સાંજે ૫.૩૦ કલાકે નવા શોરૂમનું ઉદઘાટન કરશે. હાલમાં જ્વેલરી બ્રાન્ડ સુરત, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા સહિત રાજયના તમામ મુખ્ય માર્કેટમાં ઉપસ્થિતિ ધરાવે છે. આ શોરૂમમાં કલ્યાણ જ્વેલર્સના જ્વેલરી કલેક્શનની ડિઝાઈનની વિશાળ શ્રેણી રજૂ કરાશે, જેને વિશ્વસ્તરીય માહોલમાં પ્રસ્તુત કરાશે.

આ લોંચની ઊજવણી કરતા કલ્યાણ જ્વેલર્સે મેકિંગ ચાર્જિસ ઉપર ફ્લેટ ૫૦ ટકા છૂટ જાહેર કરી છે. આ ઉપરાંત બજારમાં સૌથી ઓછો ભાવ ધરાવતા અને તમામ કંપની શોરૂમ્સમાં સ્ટાન્ડર્ડાઈઝ એવા કલ્યાણ સ્પેશિયલ ગોલ્ડ બોર્ડ રેટ નવા શોરૂમથી જ્વેલરીની ખરીદી પર લાગુ પડશે. આ ઓફર્સ મર્યાદિત સમય માટે જ માન્ય રહેશે.

નવા શોરૂમ લોંચ અંગે પ્રતિક્રિયા આપતાં કલ્યાણ જ્વેલર્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રમેશ કલ્યાણરમણે જણાવ્યું હતું કે એક કંપની તરીકે અમે ગ્રાહકના ખરીદીના અનુભવને વધારવા માટે સર્વાંગી ઈકોસિસ્ટમ બનાવવા માટે અનેક પગલાં લીધા છે અને મોટા સીમાચિહ્નો હાંસલ કર્યા છે. ગુજરાત રાજ્ય કલ્યાણ જ્વેલર્સ બ્રાન્ડ માટે સૌથી મહત્વના બજારો પૈકીનું એક છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અમે આ પ્રદેશમાં વ્યૂહાત્મક રીતે અમારી હાજરી વિસ્તારવા પર સતત ધ્યાન આપ્યું છે. અમે માનીએ છીએ કે ગોધરામાં રજૂ થનારા આગામી શોરૂમથી અમારો બજાર હિસ્સો મજબૂત બનશે અને માનવંતા ગ્રાહકોને સુગમતા તથા સુલભતા પણ પૂરી પાડી શકાશે.

કલ્યાણ જ્વેલર્સમાં વેચવામાં આવતી તમામ જ્વેલરી બીઆઈએ હોલમાર્ક ધરાવે છે અને શુદ્ધતાના અનેક પરીક્ષણોમાંથી પસાર થાય છે. માનવંતા ગ્રાહકો શુદ્ધતાની ગેરંટી, દાગીનાનું મફત આજીવન સમારકામ, પ્રોડક્ટની વિસ્તૃત માહિતી, પારદર્શક એક્સચેન્જ તથા બાય-બેક પોલીસીનો લાભ આપતું કલ્યાણ જ્વેલર્સ ૪-લેવલ એશ્યોરન્સ સર્ટિફિકેટ પણ મેળવશે. આ સર્ટિફિકેશન તેના ગ્રાહકોને શ્રેષ્ઠ પ્રોડક્ટ્સ પૂરી પાડવાની બ્રાન્ડની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ શોરૂમ મુહુરત (લગ્નપ્રસંગ માટેના દાગીના), મુદ્રા (હાથ વડે તૈયાર કરાયેલી એન્ટિક જ્વેલરી), નિમાહ (ટેમ્પલ જ્વેલરી), ગ્લો (ડાન્સિંગ ડાયમંડ્સ), ઝિઆ (સોલિટેર જેવી ડાયમંડ જ્વેલરી), અનોખી (અનકટ ડાયમંડ્સ), અપૂર્વા (વિશેષ પ્રસંગો માટેના ડાયમંડ્સ), અંતરા (વેડિંગ ડાયમંડ્સ), હેરા (રોજબરોજ પહેરવા માટેના ડાયમંડ્સ), રંગ (કિંમતી રત્નોની જ્વેલરી) અને તાજેતરમાં લોન્ચ કરેલી લીલા (કલર સ્ટોન અને ડાયમંડ જ્વેલરી) સહિતની કલ્યાણની લોકપ્રિય હાઉસ બ્રાન્ડ્સ પણ રજૂ કરશે.

બ્રાન્ડ, તેના કલેક્શન અને ઓફર્સ વિશે વધુ માહિતી મેળવવા માટે વેબસાઈટ https://www.kalyanjewellers.net/ની મુલાકાત લો. શરતો અને નિયમો લાગુ.

# હાલોલ તાલુકાના વાવડી ખાતે રોડ ઉપર વળાંકમાં ટ્રેકટર ચાલકે બાઈકને અકસ્માત સર્જી બે વ્યકિતને ઈજાઓ પહોંચાડી

હાલોલ, હાલોલ તાલુકાના વાવડી ખાતે આવેલ રોડ ઉપર વળાંકમાં ટ્રેકટર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અકસ્માત સર્જી બાઈક ચાલક અને પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

હાલોલ તાલુકાના વાવડી ખાતે આવેલ રોડ ઉપર વળાંકમાં ટ્રેકટર નંબર જીજે.૧૭.એઈ.૦૫૩૪ના ચાલક હસમુખભાઈ ગુલાબભાઈ બારીયાએ પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને બાઈક નંબર જીજે.૧૭.સીએલ.૯૫૨૪ને સામેથી અકસ્માત સર્જાયો હતો. બાઈક ચાલક રજયભાઈ રામસીંગભાઈ નાયક અને હિતેશભાઈ સરતાનભાઈ નાયકને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ પાવાગઢ પોલીસ મથકે નોંધાવા પામી છે.

# હાલોલ-વડોદરા ટોલ પ્લાઝા નજીક ત્રણ વાહનો વચ્ચે થયેલ અકસ્માતમાં રીક્ષા ચાલકને ઈજાઓ સદ્દનસીબે જાનહાનિ ટળી

હાલોલ, હાલોલ-વડોદરા ટોલ પ્લાઝા નજીક ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રીક્ષા ચાલકને ઈજાઓ પહોચી હતી. સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

હાલોલ-વડોદરા ટોલ રોડ ઉપર ટોલ પ્લાઝા નજીક ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાસ્કા ગામે રહેતા આબીદઅલી નજીરઅલી મકરાણી પોતાની રીક્ષા લઈને હાલોલ તરફ જઈ રહ્યા હતા. ત્યારે હાલોલ ટોલ પ્લાઝા નજીક પુરઝડપે આવતી કારના ચાલકે રીક્ષાને પાછળથી ટકકર મારતાં રીક્ષા રોડ ઉપર પલ્ટી ગઈ હતી. તે સમયે પાછળ આવતી કાર પણ રીક્ષા સાથે અથડાઈ હતી. ત્રીપલ અકસ્માતને લઈ ટ્રાફિક જામની સ્થિતી સર્જાઈ હતી. અકસ્માતમાં રીક્ષા ચાલકને ઈજાઓ પહોંચતા ટોલ પ્લાઝાની એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્ત રીક્ષા ચાલકને હાલોલ રેફરલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં સદ્દનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

# રાજકોટની પરિણીતા પર મોરબીમાં ૩ શખ્સોએ દુષ્કર્મ આચર્યું, ૧૫ લાખ પડાવી લીધા

મોરબી રાજકોટની પરિણીતા પર મોરબીમાં દુષ્કર્મ આચરવામા આવ્યું છે.પીડિતાએ મોરબી પોલીસ સામે આરોપ લગાવતા કહ્યુ કે મોરબી પોલીસ ફરિયાદ લેવાને બદલે પીડિતાને હેરાન કરતી હતી. ટંકારાની નાસા સ્કૂલના સંચાલક વિજય ભાડજા, શનાળાના નાઈટ લાઈફ કાફેના માલીક મિતેષ ભટ્ટ અને અક્ષર હોમ ડેકોરના માલીક જયદીપ ડાભી સામે આરોપ લગાવવામા આવ્યા છે.પરિણીતા ઈવેન્ટ મેનેજમેન્ટ સમયે આરોપીઓના સંપર્કમાં આવી હતી.પરિણીતાનો જન્મદિવસ હતો. તે દિવસે તેણે બર્થ ડે પાર્ટી રાખી હતી. આ બર્થ ડે પાર્ટીમાં આરોપીઓએ મહિલાને કેફી પીણું પીવડાવ્યું હતું. કેફી પીણું પીવડાવીને દુષ્કર્મ આચર્યુંહતું.આરોપીઓએ પરિણીતાના ન્યૂડ વિડિયો અને ફોટા પાડી ૧૫ લાખ પડાવી લીધા હોવાનું સામે આવ્યુ છે..આરોપીઓએ ધમકી આપી હતી કે જો તે આ અંગે ફરિયાદ કરશે તો તેની પુત્રીને મારી નાખશે. આરોપીઓએ પરિણીતાને બદનામ કરી પતિ સાથે પણ છુટાછેડા કરાવ્યા હોવાનો પણ આરોપ લગાવવામા આવ્યો